## મહીસાગરમાં આજે ૧૧૦ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૬૪૩૦ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.




મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૮ સ્ત્રી, ૦૫ પુરૂષ, કડાણા તાલુકાની ૦૭ સ્ત્રી, ૧૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૧૦ સ્ત્રી, ૧૪ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૬ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૬ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૮ સ્ત્રી અને ૧૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૩-૦૫-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૬૪૩૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૨૭ સ્ત્રીં, ૩૭ પુરૂષ, કડાણા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૧૪ સ્ત્રી, ૨૧ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૩ પુરૂષ અને વિરપુર તાલુકાની ૧૦ સ્ત્રી, ૧૦ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૪૭૩૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૨૦૨૪૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

**મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૧૩
કડાણા-૧૮
ખાનપુર-૨૪
લુણાવાડા-૧૧
સંતરામપુર-૨૫
વિરપુર-૧૯

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૦ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૧૧૬૪ દર્દી હોમ આઈસોલેશન, ૫૮ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર, ૯૦ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૮૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૪૦૮ દર્દીઓ સ્ટેબલ, ૨૦૫ દર્દીઓ ઓકિસજન પર અને ૧૪વેન્ટીલેટર પર છે.

# મહીસાગર જિલ્લામાં ૩.૧૫ લાખ નાગરિકોને કોરોનાની વેકસીન મુકાઈ

લુણાવાડા,
વૈશ્વિક મહામારી કોવીડ-૧૯ ના સંક્રમણ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતું કોરોના રસીકરણ અભિયાન મહીસાગર જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્રે જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લામ વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ રસીકરણ અભિયાનને વેગવાન બનાવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ૪૫ થી વધુ ઉંમરના નાગરિકોને કોરોના રસી આપવાની કામગીરી હાલ કાર્યરત છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ રસીકરણ ઝુંબેશ હેઠળ મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી હેલ્થ કોરોના વોરિયર, ફ્ન્ટ લાઈન વોરિયર, ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના કુલ ૩,૧૫,૮૩૧ નાગરિકોએ કોરોના રસીકરણ કરાવી કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા તાલુકામાં ૮૯૨૫૪, બાલાસિનોર તાલુકામાં ૪૬૭૭૮, સંતરામપુર તાલુકામાં ૭૯૯૦૩, ખાનપુર તાલુકામાં ૨૭૫૧૪, કડાણા તાલુકામાં ૪૦૦૪૦ અને વિરપુર તાલુકામાં ૩૨૩૬૫ મળી જિલ્લાલ્ના કુલ ૩,૧૫,૮૩૧ જેટલા હેલ્થ કોરોના વોરિયર, ફ્ન્ટ લાઈન વોરિયર, ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના શહેરી અને ગ્રામ્યુ વિસ્તા રોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવ્યું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૦૨૭ આરોગ્ય કોરોના વોરિયર, ૯૧૪૩ ફ્ન્ટ લાઈન કોરોના વોરિયર, ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉંમરના ૨,૨૮,૬૬૨ જેટલા નાગરિકોને કોરોના રસી મૂકવામાં આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૨,૪૩,૮૩૨ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૭૧,૯૯૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

**જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૦૨૭ આરોગ્ય કોરોના વોરિયર, ૯૧૪૩ ફ્ન્ટ લાઈન કોરોના વોરિયર, ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉંમરના ૨,૨૮,૬૬૨ જેટલા નાગરિકોને કોરોના રસી મૂકવામાં આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૨,૪૩,૮૩૨ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૭૧,૯૯૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.**

**લુણાવાડા તાલુકામાં ૮૯૨૫૪, બાલાસિનોર તાલુકામાં ૪૬૭૭૮, સંતરામપુર તાલુકામાં ૭૯૯૦૩, ખાનપુર તાલુકામાં ૨૭૫૧૪, કડાણા તાલુકામાં ૪૦૦૪૦ અને વિરપુર તાલુકામાં ૩૨૩૬૫ મળી જિલ્લાલ્ના કુલ ૩,૧૫,૮૩૧ જેટલા હેલ્થ કોરોના વોરિયર, ફ્ન્ટ લાઈન વોરિયર, ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના શહેરી અને ગ્રામ્યુ વિસ્તારોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવ્યું છે.**

# મહીસાગર જિલ્લા તંત્ર અને ગ્રામ્ય કક્ષાની જનભાગીદારી થકી મારૂ ગામ કોરોના મુક્ત ગામ અભિયાન ગ્રામ્યકક્ષાએ આશિર્વાદરૂપ

લુણાવાડા,
સમગ્ર ગુજરાતમાં મારૂ ગામ કોરોના મુક્ત ગામના હાથ ધરાયેલાં રાજયવ્યાપી અભિયાન અંતર્ગત સામાન્ય લક્ષણો ધરાવતા દરદીઓને ગ્રામ્યકક્ષાએ જ સમયસર સારવાર મળી રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી.બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લાની પ્રાથમિક શાળાઓ તેમજ સંસ્થાઓમાં મહીસાગર જિલ્લામાં ૭૦૬ જેટલા કોવિડ કેર સેન્ટર કાર્યરત કરાયાં છે, જે અંતર્ગત મારૂં ગામ કોરોના મુકતગ ગામ અભિયાન હેઠળ કોરોનાને ગામડામાં જ નાથવા અનેકવિધ પગલાં લેવામાં આવી રહયાં છે જેમા ગામ કક્ષાની ૧૦ સભ્યોની સમિતિની જનભાગીદારી



થકી ગામના લોકોની સજાગતાથી નોંધપાત્ર કામગીરી થયેલ છે. જેના થકી મારૂ ગામ કોરોના મુક્ત ગામઅભિયાન ગ્રામ્યકક્ષાએ આશિર્વાદ રૂપ બન્યું છે.

આ કોમ્યુનીટી કોવિડ કેર સેન્ટર માં દાખલ થવા થી કોવિડ પોઝીટીવ આવેલ દર્દી પોતાના પરિવારજનો, પાડોશીઓ અને ગામલોકોમાં આ રોગના ચેપનો પોતાના દ્વારા ફેલાવો થતાં રોકી શકે છે. આ સેંટર પર દાખલ થનાર દર્દીને મેડિકલ ઓફિસર, કોમ્યુનીટી હેલ્થ ઓફિસર, FHW, MPHW, આશા બહેન દ્વારા કોવિડની સારવાર મળે છે. દર્દીના શરીરમાં ઓક્સિજનનું સ્તર, તેના શરીરનું તાપમાન વગેરે સ્વાસ્થ કર્મીઓ દ્વારા સાચાંતરે ચોકસાઈપૂર્વક માપવામાં આવે છે. દર્દીને જરૂરી દવાઓ આપવામાં આવે છે જેથી કોરોનાનો ચેપ શરીર મા વધુ પ્રસરતો અટકાવી શકાય. દર્દીને શરીરમાં ઓક્સિજનનું સ્તર વધારતી પ્રોન થેરાપીની તાલીમ સ્વાસ્થ્ય કર્મીઓ દ્વારા આપવામાં આવે છે. સ્વાસ્થ્ય કર્મીઓ દાખલ થયેલ દર્દીઓને કોરોના બાબતે બિનજરૂરી ચિંતા ટાળવામાં અને ઝડપથી કોરોના મુક્ત થવા પ્રોત્સાહિત કરવામાં આવે છે અને જો આ સેન્ટર પર રહેલા કોઈ દર્દીની તબિયત કથળે તો તેને સ્વાસ્થ્ય કર્મીઓ દ્વારા નજીકના ઓક્સિજન સુવિધા સાથેના DCHC/કોવિડ હોસ્પિટલમા રિફર કરવાની વ્યયવસ્થાન પણ ગોઠવવામાં આવે છે. સાથે સાથે કોમ્યુનીટી કોવિડ કેર સેન્ટરમાં ગામ લોકો દ્વારા દર્દીઓને ભોજનની પણ વ્ય વસ્થાં હોય છે.

આમ રાજ્ય સરકાર તથા જિલ્લા વહિવટી તંત્ર કોરોના સંદર્ભે સારી સારવાર આપી કઈ રીતે વધુમાં વધુ દર્દીઓને રિકવર કરી શકાય તે દિશામાં કામ કરી કોરોના મહામારીમાં સામાન્ય અને મધ્યામ સંક્રમિત થયેલા દર્દીઓને ઓકસિજન તથા પ્રાથમિક સારવાર મળી રહે તથા ગંભીર દર્દીઓને અન્યા સુવિધાયુકત હોસ્પીયટલમાં દાખલ થવાની વ્યરવસ્થાર થાય ત્યાં સુધીની પ્રાથમિક સારવાર મળી રહે તે માટે કોવિડ કેર સેન્ટલર ખૂબજ ઉપયોગી સાબિત થઈ રહયા છે.

# સંતરામપુર નગરમાં ધંધા-રોજગાર ૮ થી ૩ શરૂ

સંતરામપુર,
સંતરામપુર નગરમાં દસ દિવસનું અગાઉ વેપારીઓએ પોતાની મરજી પ્રમાણે સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કર્યું હતું. પરંતુ ત્યાર પછી બીજીવાર લોકડાઉન જાહેર કરવાનું જણાવતા વેપારીઓએ ભેગા મળીને પ્રાંત કચેરીમાં રજૂઆત કરો એટલે કે નાના મોટા વેપારીઓ વાસણ, કપડા, કટલરી, સોના-ચાંદી દરેક વેપારીઓને ધંધા-રોજગાર ચાલુ કરવા માટે પ્રાંત અધિકારીમાં રજૂઆત કરવામાં આવેલી રજૂઆતના આધારે ફરીથી સંતરામપુરના તમામ વેપારીઓએ રાબેતા મુજબ ૦૮:૦૦ થી બપોરના ૩.૦૦ કલાક સુધી ધંધા રોજગાર ફરી શરૂ કરેલા હતા. એક બાજુ સતત છેલ્લા એક વરસથી કોરોનાના કારણે સંતરામપુરના વેપારીઓ આર્થિક રીતે તૂટી ગયેલા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

હતા. જયારે બીજી બાજુ સતત કોરોનાના કારણે મોંઘવારી સતત વધારો થયેલો છે. સંતરામપુર વેપારીઓને અને નાગરિકોને ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘર ખર્ચ કરવો પણ અઘરો પડતો હોય છે. સંતરામપુર નગરના નાના-મોટા તમામ વેપારીઓ પ્રાંત અધિકારીને અમે ધંધા-રોજગાર ચાલુ રાખવાની છૂટ આપો આ રજૂઆતના આધારે સંતરામપુરના સરકારોએ ફરીથી ધંધા-રોજગાર શરૂ કરેલા હતા અને સરકારની સુચના અને ગાઈડલાઈન મુજબ નિયમોનું પાલન કરવાનું બાંહેધરી આપી હતી.

# કોરોના કેર વચ્ચે મ્યુકરમાઈકોસિસના ૫૦૦થી વધુ કેસ: તંત્રમાં ફફડાટ ફેલાયો

ગાંધીનગર,
કોરોનાથી માંડ સાજા થયા બાદ હવે મ્યૂકર માઈકોસિસ બીમારીએ મુશ્કેલી વધારી છે, અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બે દિવસ પહેલાં એટલે કે સોમવારે મ્યૂકર માઈકોસિસના ૧૦૫ દર્દી દાખલ હતા, જોકે બે જ દિવસમાં ઉપરા છાપરી નવા ૮૬ કેસ આવતાં ભારે દોડધામ મચી જવા પામી છે, સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. જે.વી. મોદીએ કહ્યું કે, અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બીજા બે વોર્ડ કાર્યરત્ કરી દેવાયા છે, કુલ ચાર વોર્ડ કાર્યરત છે અને બુધવારે મોડી સાંજે પાંચમો વોર્ડ શરૂ કરવા કવાયત્ હાથ ધરાઈ રહી છે. એકલા અમદાવાદની સિવિલમાં જ અત્યારે મ્યૂકર માઈકોસિસના ૧૯૧ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

ગુજરાતના ૪ મહાનગરોમાં મ્યૂકરમાઈકોસિસના સૌથી વધુ દર્દીઓ રાજકોટમાં નોંધાયા છે, જેના કારણે તંત્ર હચમચી ગયુંછે. આજે મ્યુકરમાઈકોસિસ અંગે રાજકોટ કલેક્ટર એક પ્રેસ કોન્ફરન્સ કરી છે. કલેકટરે જણાવ્યું છે કે મ્યુકરમાઈકોસિસના પગલે તંત્ર સતર્ક બન્યુંછે. રાજકોટમાં મ્યુકરમાઈકોસિસના દૈનિક સરેરાશ ૫૦ કેસ નોંધાય છે. તંત્ર દ્વારા જરૂર પડ્યે ૫૦૦ બેડની તૈયારી દર્શાવાઈ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારનું માર્ગદર્શન લેવાઈ રહ્યું છે.

અમદાવાદમાં કોરોના બાદ મ્યુકરમાક્રોસીસના વધતા કેસ સરકાર અને તંત્ર હચમચી ગયું છે. સિવિલ હોસ્પિટલમાં ૨ દિવસમાં મ્યુકરમાક્રોસીસના ૧૨૭ દર્દીઓ એડમિટ થયા છે. ૧૨ તારીખે ૫૫ ,જ્યારે ૧૧ તારીખે ૭૨ દર્દીઓ સિવિલ હોસ્પિટલમા એડમિટ થયા છે. છેલ્લા ૨ દિવસમાં દર ૧ કલાકે ૩ દર્દીઓ એડમિટ થયા છે. અત્યારે સિવિલ હોસ્પિટલમાં ૨૫૦ની વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૫૦ માંથી ૨૨૧ બેડ ભરાઈ ગયા છે. માત્ર ૧૫ ટકા બેડ જ ખાલી રહ્યા છે. સર્જરી વાળા દર્દીઓ વધતા આજથી ૨૪ કલાક મ્યુકરમાક્રોસીસના દર્દીઓ માટે સર્જરી શરૂ કરાશે. મ્યુકરમાક્રોસીસના દર્દીઓ વધતા કોવિડમાં લાગેલ સ્ટાફને પાછો બોલવામાં આવ્યો છે. દર્દીઓ વધતા એક પછી એક વોર્ડ ખોલવા પડી રહ્યા છે. દર્દીઓને બીમારીમાં વપરાતા ઈજેક્શનની અછત પણ વર્તાઈ રહી છે.

ઈએનટી વિભાગ સાથે સંકળાયેલા તબીબોએ કહ્યું કે, અમદાવાદ જ નહિ પરંતુ આખા ગુજરાતમાં મ્યૂકર માઈકોસિસના નવા કેસો સામે આવી રહ્યા છે, એટલું જ નહિ પરંતુ ગુજરાતમાં આ બીમારીની સારવારમાં વપરાતા ઈન્જેક્શનની ભારે અછત વર્તાઈ રહી છે, આમ ઈન્જેકશન વિના વિવિધ જિલ્લામાં આ રોગની સારવાર મુશ્કેલ બની છે, જેને કારણે રાજકોટ, ભાવનગર, જામનગર સહિતના વિવિધ શહેર જિલ્લામાંથી આ રોગના નવા દર્દીઓનો ધસારો અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં થઈ રહ્યો છે. અત્યારે ૧૯૧ જેટલા દર્દીઓ સિવિલમાં છે, જેમાંથી ૫૦ જેટલા દર્દીઓ અમદાવાદના છે, બાકીના ૧૪૧ જેટલા દર્દી ગુજરાતના વિવિધ શહેર જિલ્લાના છે. સૂત્રો કહે છે કે, સિવિલની ડેન્ટલ કોલેજમાં ૨૭ જેટલા દર્દી છે. સિવિલના ઈએનટી વિભાગના ડો. કલ્પેશ પટેલે માધ્યમો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, કોરોનાથી સાજા થયેલા એવા દર્દી કે જેમને ડાયાબિટીસ છે, રોગ પ્રતિકારક શક્તિ ઓછી છે તે વધુ કેસ સામે આવ્યા છે.

# ૧૮મે બાદ ધંધા-રોજગાર શરુ કરવા છૂટછાટ મળે તેવા પ્રદિપસિંહ જાડેજાના સંકેત

ગાંધીનગર,
રિટેઈલ સેક્ટર સહિત ધંધા-રોજગાર શરૂ કરવા નાના વેપારીઓ, સંગઠનો તરફથી સરકાર સમક્ષ માંગણીઓ થઈ છે. કેબિનેટની બેઠકમાં આ મુદ્દે વિસ્તારથી ચર્ચા થઈ હતી. ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ૧૮મી મે સુધી નાના વેપારીઓને ધીરજ રાખવાની અપીલ કરતા આ છ દિવસ પછી કોરોનાની સ્થિતિને આધારે સરકાર નિર્ણય લશે એમ કહ્યુ હતુ. રાજયમાં એપ્રિલ મહિનામાં પોઝિટીવિટી રેટ ૨.૦૬ ટકાથી વધીને ૮.૭૭ ટકાએ પહોંચ્યુ હતુ. જે હવે ૭.૬ ટકાએ આવ્યુ છે. આ આંશિક ઘટાડા વચ્ચે ધંધા- રોજગાર પૂર્વવર્ત કરવા સંદર્ભે ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યુ કે, કોરોનાનું સંક્રમણ એટકે તેના માટે દિલ્હી, રાજસ્થાન, તમિલનાડુ અને મહારાષ્ટ્રે સંપૂર્ણ લોકડાઉન અમલમાં મૂક્યુ છે. ગુજરાતમાં વેપાર- ઉદ્યોગને અસર ન થાય અને કોવિડ-૧૯ના પ્રોટોકોલના પાલન સાથે જનજીવન રાબેતા મુજબ ચાલુ રહે અને સંક્રમણ અટકે તે માટે જરૂરી નિયંત્રણો સાથે આંશિક લોકડાઉન સાથે સરકારના પ્રયાસો રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૧૪-૦૫-૨૦૨૧, શુક્રવાર, વૈશાખ સુદ ત્રીજ, સૂર્યોદય-૫-૩૧, સૂર્યાસ્ત-૭-૦૩, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્ર: રોહિણી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૪.૦૫.૨૦૨૧ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.) :- દિવસ આનંદમય પસાર થાય. અભ્યાસમાં પ્રગતિ થાય. આરોગ્ય સુખાકારી સારી રહે.
વૃષભ (બ.વ.ઉ.) :- ઈષ્ટદેવની કૃપાથી મુશ્કેલીમાં રાહત. ધાર્મિકયાત્રા પ્રવાસના યોગ. આરોગ્ય સારું રહે.
મિથુન (ક.છ.ઘ.) :- સટ્ટાકીય કાળજી રાખવી. આવકનું પ્રમાણ જળવાઈ રહે. વાહન-મકાન સુખ ઉત્તમ. આરોગ્ય સાચવવું.
કર્ક (ડ.હ.) :- ઈષ્ટદેવની ઉપાસનાથી રાહત. ધાર્મિક યાત્રાપ્રવાસનો યોગ. કૌટુંબિક વાતાવરણ સુમેળ રહે.
સિંહ (મ.ટ.) :- નાણાંકીય સ્થઈતિ મજબૂત બનતી જમાય. રોજગારીની નવી તકો મળે. આવકનું પ્રમાણ રહે.
કન્યા (પ.ઠ.ણ.) :-આકસ્મિક લાભ થાય. પદ-પ્રતિષ્ઠામાંવધારોથઆય. નોકરી-ધંધામાં પ્રગતિ થાય. પત્ની તરફથી શુભ સમાચાર મળે.
તુલા (ર.ત.) :- પરદેશથી સુભ સમાચાર મળે. એકંદરે સમય સુભ રહે. અભ્યાસમાં પ્રગતિ. વિદેશથી શુભ સમાચાર પ્રાપ્ત થાય.
વૃશ્ચિક (ન.ય.) :- નાણાંકીય સ્થઈતિ મજબૂત બનતી જમાય. રોજગારીની નવી તકો મળે. આવકનું પ્રમાણ રહે.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો ઊભા થાય. નોકરી-ધંધામાં રાહત રહે. આરોગ્ય જળવાઈ રહે.
મકર (ખ.જ.) :- વેપાર અર્થે પ્રવાસ લાભદાયી રહે. કુટુંબસુખ ઉત્તમ રહે. આધ્યાત્મિક ક્ષેત્રે રુચિ વધે.
કુંભ (ગ.શ.સ.) :- બુદ્ધિ-વિવેકથી કાર્ય સિદ્ધ થાય. કુટુંબ સુખ આવક વધે. ધંધામાં આવક વધે. અભ્યાસમાં પ્રગતિ.
મીન (દ.ચ.ઝ.) :- ઈષ્ટદેવની કૃપાથી મુશ્કેલીમાં રાહત. ધાર્મિકયાત્રા પ્રવાસના યોગ. આરોગ્ય સારું રહે.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩.૬૨ લાખ પોઝિટિવ કેસ નોંધાયા
# દેશમાં સતત બીજા દિવસે ૪ હજારથી વધુ લોકોના કોરોનાથી મોત

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોના વાયરસના કેસોની સંખ્યામાં બે દિવસ ઘટાડો નોંધાયા બાદ ત્રીજા દિવસે ભારતમાં ૩.૫ લાખથી વધારે કેસ નોંધાયા છે. હાલ દેશમાં બીજી લહેર ચાલી રહી છે અને તેમાં મૃત્યુઆંક અને સંક્રમિત દર્દીઓની સંખ્યામાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. હાલ ભારતમાં દુનિયાના બાકી દેશો કરતા સૌથી વધારે દૈનિક સંક્રમિત કેસ નોંધાઈ રહ્યા છે. જેમાં અમેરિકા અને બ્રાઝિલ જેવા દેશો પણ પાછળ છૂટી રહ્યા છે. ભારતમાં કેટલાક રાજ્યોમાં એક દિવસમાં નોંધાતા નવા કોરોના કેસની સામે દુનિયાના ઘણાં દેશના આંકડા નીચા નોંધાઈ રહ્યા છે.



કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોના વાયરસના વધુ ૩,૬૨,૭૨૭ નવા કેસ નોંધાયા છે. જ્યારે સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૩,૫૨,૧૮૧ નોંધાઈ છે. જ્યારે વધુ ૪,૧૨૦ દર્દીઓએ એક દિવસમાં કોરોના સામે દમ તોડ્યો છે.

ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨,૩૭,૦૩,૬૬૫ થઈ ગઈ છે, જ્યારે સાજા થયેલા દર્દીઓની સંખ્યા પણ વધીને ૧,૯૭,૩૪,૮૨૩ સાથે બે કરોડની નજીક પહોંચી ગઈ છે. ભારતમાં સતત બીજી દિવસે ૪,૦૦૦ કરતા વધુ દર્દીઓએ કોરોના સામે દમ તોડ્યો છે જેની સાથે કુલ મૃત્યુઆંક ૨,૫૮,૩૧૭ થઈ ગયો છે. ભારતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩૭,૧૦,૫૨૫ પર પહોંચી ગઈ છે.

કોરોના સંક્રમણના લેટેસ્ટ ડેટા મુજબ, ભારત આ સમયે દુનિયામાં કોરોના સંક્રમણ અને તેનાથી થનારા મોતના મામલે પહેલા નંબરે છે. કોરોના સંક્રમણથી પ્રભાવિત દેશોમાં બ્રાઝિલ આ સમયે બીજા નંબર પર છે, જ્યાં પાછલા ૨૪ કલાકમાં ૨૫,૨૦૦ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૨૪ કલાક દરમિયાન અમેરિકામાં ૨૨,૨૬૧ કેસ નોંધાયા છે, જે ત્રીજા નંબર પર છે. આ પછી ફ્રાન્સ અને ઈરાનનો નંબર આવે છે જ્યાં ૧૮,૦૦૦ કરતા વધારે કેસ નોંધાયા છે. સૌથી ચિંતાની વાત એ છે કે એક તરફ ભારતમાં સતત બીજા દિવસે મૃત્યુઆંક ૪૦૦૦ને પાર કરી રહ્યો છે જ્યારે દુનિયાના કોઈ અન્ય દેશમાં આ આંકડા એક હજારથી પાર નથી થઈ રહ્યા.

આઈસીએમઆર મુજબ ભારતમાં ૧૨ મે સુધીમાં ૩૦,૯૪,૪૮,૫૮૫ કોરોના ટેસ્ટ માટેના સેમ્પલ લેવામાં આવ્યા છે, જ્યારે બુધવારે વધુ ૧૮,૬૪,૫૯૪ સેમ્પલ લેવામાં આવ્યા છે. ભારતમાં કોરોના વાયરસ સામે લડવા રસીના કુલ ૧૭,૭૨,૧૪,૨૫૬ ડોઝ આપવામાં આવ્યા છે. ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૩ એપ્રિલના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# થાળા સંજેલી ખાતે પ્રાંત અધિકારીને આવતાજ કોવિડ કેર સેન્ટરમાં ભુતિયા દર્દીઓ ઉભા કર્યા






- પ્રાંત અધિકારીની વિઝીટ પૂર્ણ થતાં જ દર્દીઓ સહિત સમિતિઓ ગાયબ થઈ જતા ખંભાતી તાળા.
- સંજેલી તાલુકામાં પજ કોવિડ સેન્ટરોનો આવેલા છે.
- માત્ર રેકર્ડના પુરાવા રૂપે ભૂતિયા દર્દીઓ ઉભા કરીને ફોટો સેશન કરીને રેકર્ડ રૂપે દર્દી ઉભા કર્યા.
- સંજેલી નગરમાં પ્રજામાં હાહાકાર મચી જવા પામ્યો સરકારી ચોપડે રેકર્ડ અંક કરવા નાટક રચ્યું.

સંજેલી,
સંજેલી તાલુકામાં મારૂ ગામ કોરોના મુક્ત ગામ અંતર્ગત પજ જેટલા કોવિડ કેર સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે. જેની આજે પ્રાંત પ્રાંત અધિકારી સહિત તાલુકાના વહીવટીતંત્ર દ્વારા થાળા સંજેલી કોવિડ કેર સેન્ટરમાં મુલાકાત લીધી હતી તે દરમ્યાન સેન્ટરમાં ઉપસ્થિત રખાયેલા દર્દીઓની મુલાકાત લઈ પરત રવાના થયાં હતાં. જે બાદ દર્દીઓ સહિત જવાબદાર અધિકારીઓ ગાયબ થઈ જતાં કોવિડ કેર સેન્ટર માં સાંજ પડતાજ ખંભાતી તાળાં જોવા મળ્યાં હતાં. જેથી કહી શકાય કે વહીવટીતંત્ર દ્વારા ભૂતિયા દર્દીઓ ઉભા કરવામાં આવ્યા હતા.

સંજેલી તાલુકામાં પજ જેટલા કોવિડ કેર સેન્ટરો શરૂ કરવામાં આવ્યાં હતાં. જે બાદ આજે બુધવારના રોજ ઝાલોદ પ્રાન્ત અધિકારી એસ.ડી. ચૌધરી સંજેલી મામલતદાર ટીડીઓ અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા થાળાસંજેલી ખાતે શરૂ કરેલા કોવિડ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી તે દરમ્યાન પાંચ જેટલા દર્દીઓ પથારીમાં સારવાર લઈ રહ્યાં હોવાનું બતાવ્યું હતું. માત્ર ફોટો સેશન માટે દર્દીઓ ઉભા કર્યા સરકારી ચોપડે કોરોના દર્દીઓના રેકર્ડનું સ્થાન આપવા માટે નાટક રચ્યું અને આખરે નાટક પ્રકાશમાં આવ્યું ત્યારે નગરમાં ચર્ચાએ જોર પકડ્યું છે.

થાળા સંજેલી ખાતે આવેલા કોવિડ કેર સેન્ટરમાં મંગળવારના રોજ છ દર્દી હતા અને બુધવારના રોજ પાંચ દરદીઓ હતા. જેમની અમે આજે પ્રાંત અધિકારી સાથે મુલાકાત લીધી હતી.
**એમ.એ.આલમ THO સંજેલી**

મારૂ ગામ કોરોના મુક્ત અંતર્ગત સંજેલી તાલુકામાં પજ કોવિડ કેર સેન્ટર ઉભા કરવામાં આવ્યા હતા જે પૈકી સંજેલી થી માત્ર ત્રણ કિમિ દૂર થાળા સંજેલી કોવિડ કેર સેન્ટરમાં ભૂતિયા દર્દીઓ ઉભા કરીને માત્ર વિજીટ માટે આવનારા સાહેબને દેખાડા પૂરતા ઉભા કરવામાં આવ્યા હતા. ફોટો સેશન, સરકારી ચોપડે દર્દીઓને સ્થાન આપવામાં માટે ભૂતિયા દર્દીઓ ઉભા કરવામાં આવ્યા હતા સરકારની ગ્રાન્ટ પાસ કરાવવા સહિત અનેક પુરાવા આપવાના ભાગરૂપે નાટક રચ્યું હતું જેનો ભાંડો ફૂટી જતા સમગ્ર જિલ્લા હાહાકાર મચી જવા પામ્યો હતો. જે બાદ વહીવટી તંત્રએ પોતાના ઓફીસ તરફનો વાટ પકડ્યો હતો. ત્યારે બીજીતરફ ભુતિયા બનાવેલા દર્દીઓને પોતાના ઘરે રવાના કરી કોવિડ કેર સેન્ટરને પણ તાળા મારી દેવામાં આવ્યાં હતાં અને દર્દીઓની સાથે બનાવેલી સમિતિના તમામ સભ્યો સહિતનો સ્ટાફ ગાયબ જોવા મળ્યો હતો સૂરજ ડૂબે તે પહેલાં જ થાળા સંજેલી ખાતે આવેલા કેર સેન્ટરમાં ખંભાતી તાળા લટકતાં જોવા મળ્યાં હતાં. આમ માત્ર અધિકારીઓને ખુશ કરવા માટે જ કે પછી લોકોને ડરાવવા માટે કે વહિવટીતંત્રને ખાલી ચોપડે દર્શાવવા માટે ભુતિયા દરદીઓ ઊભા કરવામાં આવે છે.કે પછી સરકાર દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો સગેવગે કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. તાલુકામાં ચર્ચાએ જોર પકડ્યુ છે. જો કોવિડ કેર સેન્ટરમાં દર્દીઓ ના હોય તો પછી અધિકારીની વિઝીટ દરમ્યાન ભૂતિયા દર્દીઓ લાવવા માટે નો હેતુ શું ?.

થાળાસંજેલી ખાતે આજે વિઝિટ દરમ્યાન માંડલી તેમજ ભુગેડી ગામના પાંચ દર્દીઓ હતા.પરંતુ ફોટા પડાવવા માટે આવું કરાય નહીં.આવું ખરેખર ન હોવું જોઈએ.વિઝિટ દરમ્યાન ત્રણ ડોક્ટરો પણ હાજર હતાં.આ બાબતની જાણ થતા પ્રાંત અધિકારીએ ફરી આકસ્મિત મુલાકાત લેવાનું જણાવ્યું હતું.ખરેખર દર્દીઓને પાંચ દિવસ સુધી રાખવા પડે આ રીતે છોડી મુકવામાં આવે તો એનો કોઈ અર્થ હોતો નથી.
**પ્રાંત અધિકારી એસ ડી.ચૌધરી.**

થાળાસંજેલી ખાતે મંગળવારના રોજ આખો દિવસ એક પણ દદી કે કોઈ સમિતિ હાજર નથી અને બુધવારના રોજ સાંજના છ વાગ્યા પછી દર્દી સહિત સમિતિઓ ગાયબ થઈ ગઈ હતી અને કોવિડ કેર સેન્ટરને ખંભાતી તાળાં જોવા મળ્યાં હતા.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૮૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે ૮૫ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આજે વધુ ૦૨ દર્દીઓના કોરોનાથી મોત નીપજતાં જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૩૨૨ ને પાર વટાવી ગયો છે. દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોના સંક્રમણ ન ફેલાય તેની તકેદારીને દયાનમાં લઈ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાત્રી કરફ્યુ સહિતનું જાહેરનામું પણ લંબાવવામાં આવ્યું છે.
આર.ટી.પી.સી.આર.ના ૧૬૯૪ પૈકી પર અને રેપીટ ટેસ્ટના ૧૦૯૨ પૈકી ૩૩ મળી આજે કુલ ૮૫ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૮૫ પૈકી દાહોદ અર્બનમાંથી ૧૩, દાહોદ ગ્રામ્મમાંથી ૧૦, ઝાલોદ અર્બનમાંથી ૦૩, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૯, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૨, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૬, લીમખેડામાંથી ૦૮, સીંગવડમાંથી ૦૨, ગરબાડામાંથી ૧૦, ધાનપુરમાંથી ૦૨, ફતેપુરામાંથી અને સંજેલીમાંથી ૦૯ કેસ સામે આવ્યાં છે. આજે વધુ ૧૦૭ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી ત્યારે બીજી તરફ એક્ટીવ કેસની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળ્યો છે. એક્ટીવ કેસની સંખ્યા ૬૮૯ રહેવા પામી છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૬૪૨૬ ને પાર થઈ ગયો છે.

**દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા**

: અર્બન વિસ્તારો :
દાહોદ-૧૩
ઝાલોદ-૦૩
દે.બારીઆ-૦૨

: ગ્રામ્ય વિસ્તારોમાં :
દાહોદ-૧૦
ઝાલોદ-૦૯
દે.બારીયા-૦૬
લીમખેડા-૦૮
સીંગવડ-૦૨
ગરબાડા-૧૦
ધાનપુર-૦૨
ફતેપુરા-૦૯
સંજેલી-૦૯

# સંજેલી નગરમાં ઠેર ઠેર ગંદકીથી પ્રજા ત્રાહીમામ પોકારી ઊઠી



સંજેલી,
સંજેલીમાં તાલુકા મથક આવેલું છે.તાલુકા સેવા સદન સહિત વિવિધ કચેરીઓ કાર્યરત છે. જેમાં ગ્રામ પંચાયત મા ૧૪ જેટલા વોર્ડનો સમાવેશ છે કોરોનાનો પ્રકોપ દિનપ્રતિદીન વધી રહી છે. જેના કારણે સામાજિક,સંસ્થાઓ,સહિત આરોગ્ય વિભાગ દ્વારા પ્રજાના કોરોના થી બચવા માટે સૂચનો આપવામાં આવે છે. ઉનાળાના આકરા સમયમાં પ્રજાએ પીવાના પાણી માટે રઝળપાટ કરવો પડે છે. પીવાના પાણી માટે વલખા મારવાની નોબત આવી છે સંજેલીમાં નલ મારફતે પાંચ દિવસે એક વાર પાણી આપવામાં આવે છે. જેના કારણે પાણી ની તીવ્ર અછત સર્જાય રહી છે. ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવેલું ટેન્કર પણ જોવા મળતું નથી. ખાનગી ટેન્કરો માટે રઝળપાટ કરવો પડે છે. સાથે સાથે સંજેલી નગરમાં ગળીયે ગળીયે ઠેર ઠેર ગંદકીના ઢગલા અને ગટરના ઊભરાતા પાણીથી પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. સ્વચ્છતા અભિયાન માટે આવતી ગ્રાન્ટો બારોબાર સગેવગે કરવામાં આવે છે કે કેમ તેવા અનેક બાબતો પ્રજામાં ચર્ચાય રહી છે.

પંચાયત પાણી તીવ્ર અછતને ખાળવા માટે પ્રજાના પાણીની તંગીને પહોંચી વળવામાં તંત્ર નબળું પુરવાર થયું છે. સંજેલી નગરમાં ગંદકીની ચાદર પાથરી હોય તેવા દ્રશ્ય જોવા મળી રહ્યા છે. સંજેલી નગરમાં ઠેર–ઠેર વિસ્તારોમાં ગંદકીએ માજા મૂકી છે ત્યારે પ્રજાએ અનેક વાર તંત્રને લેખિક મૌખિક રજુઆત કરવા છતાં પણ તંત્ર દ્વારા પ્રજાના હિત, સુખાકારી, કલ્યાણ, આરોગ્ય જોખમાય ના તે માટે ગંદકી દૂર કરવામાં આવતી નથી.

સંજેલીના મુખ્ય વિસ્તારોમાં અસહ્ય ગંદકીના કારણે પ્રજાના ત્રાહિત્રામ પોકારી ઉઠી છે. કિનારે રોડ સાઈડમાં ગંદકીના ઢગના કારણે સંજેલીના ૧૪ વોર્ડ માંથી મોટા ભાગના વોર્ડમાં અસહ્ય ગંદકીએ માજા મૂકી છે. જાણે કે ગંદકીની ચાદર પાથરી હોય તેવા દ્રશ્ય જોવા મળ્યા હતા. સંજેલીના ગ્રામજનોએ રોષ પ્રગટ કરી તંત્ર સામે વિરોધ દર્શાવ્યો હતો. ગંદકીની દૂર કરી સાફ સફાઈ કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

ડિસલેરી ફળીયા,ચામડીયા ફળીયા,પુષ્પ સાગર તળાવ કિનારા પર, સંતરામપુર રોડ, નવી વસાહત ફળીયા પર જેના અનેક વિસ્તારોમાં

## સંજેલી પંચાયત આ બાબતે ખુબજ નબળું પુરવાર થયેલ છે

ડિસલેરી, ચામડીયા ફળિયામાં વ્યાપક પ્રમાણ ગંદકી જોવા મળે છે જેના કારણે ભારે હાલાકી ભોગવવાનો વારો પડે છે તંત્ર દ્વારા ધ્યાન દોરવામાં આવે તે જરૂરી છે પાંચ દિવસે નળ આપવામાં આવે છે જેના કારણે વેચાતું પાણી લેવાનો વારો પડે છે પૈસા આપવા છતાં ટેન્કરો દ્વારા આવતા નથી.
**સ્થાનિક રહીશ, સંજેલી**

જેના કારણે પ્રજાના બાળકોના આરોગ્ય જોખમાય તેવી વકી સેવાઈ રહી છે. જેના કારણે સંજેલીની પ્રજાને બીમારીનો ભય વ્યાપક માત્રામાં સતાવી રહ્યો છે. હાલ ચાલી રહેલા કોરોના તો નહીં પણ કોલેરાના કેસો ફાટી નીકળે તેવી દહેશત પણ સેવાઈ રહી છે. તંત્ર દ્વારા સંજેલી નગરની ગંદકી દૂર કરવામાં આવે તેવી પ્રજાની લાગણી અને માંગણી છે. હવે જોવાનું એ રહ્યું કે તંત્ર દ્વારા આ તરફ ધ્યાન દોરીને ગંદકી દૂર કરવામાં આવશે ખરી! શું પ્રજાના આરોગ્ય જોખમાય તે પહેલા તંત્ર દ્વારા ગંદકીની સાફ–સફાઈ કરવામાં આવશે ખરી! પુષ્પ સાગર તળાવ જાણે કે ગટરના પાણીઓએ ગંદકીની ચાદર પાથરી હોય તેમ ગંદકીના હબ જોવા મળે છે. જેમાં સ્થાનિકોમાં ભારે રોષ સાથે તંત્ર સામે વિરોધ દર્શાવી ગંદકી દૂર કરવામાં આવે તેવી વ્યાપક માંગ ઉઠવા પામી છે.

સંજેલી ગામ તાલુકો મુખ્ય મથક હોવા છતાં પણ સાફ–સફાઈ તેમજ ઠેર–ઠેર,કાદવ કીચડ ગંદકીના ઢેર જોવા મળે છે ડસ્ટબીનનો પણ મુખ્ય બજારમાં અભાવ જોવા મળે છે સ્વચ્છતા અભિયાન માટે ગ્રાન્ટનો સદુઉપયોગ કરવામાં આવે છે કે તેમ માટે તંત્ર દ્વારા મૌન, પ્રજા છે ત્રસ્ત તંત્ર છે મસ્ત જેવો ઘાટ સર્જાયો.

# દેવગઢબારીયા પાલિકા ના બે સભ્યોએ હોદ્દાનો દુરૂપયોગ કરતા હોદ્દા ઉપરથી સસ્પેન્ડ કરવાનો થયો હુકમ





દે.બારીયા,
પ્રાપ્ત વિગતો મુજબ દાહોદ જિલ્લામાં મોખરે દેવગઢબારીયાની નગરપાલિકાની ગણના થાય છે. એક સુશાસન વ્યવસ્થા વર્ષો પહેલા દેવગઢબારીયા પાલિકામાં હતી. જે પછી ગાંધીનગર તો ઠીક પણ ગુજરાત હાઈકોર્ટ સુધી આ પાલિકાના કાગળિયાની ફાઈલો પહોંચી ગઈ અને હજુપણ પાલિકા અવારનવાર પાલિકા પ્રમુખની ખુરશી બદલાઈ જવી તેની સાથે કંઈક ને કંઈક નેનવું થતું રહેતું હોય છે.

દેવગઢબારીયા પાલિકાના બે સભ્યો એ પોતાના હોદ્દા નો દુરૂપયોગ કરીને દેવગઢબારીયા સીટી સર્વે નંબર ૨૦૫૮ના રેવન્યુ સર્વે નંબર ૬૧/૨ વાળી જમીન માં ૩૪૬.૧૪.૯૬ ચો. મી. જમીનમાં ૬૪ જેટલી દુકાનોનું બાંધકામ કર્યું હતું અને આ દુકાનોની ખોટા દસ્તાવેજ રજૂ કરી આકારણી પણ કરી દેવાઈ હતી. આ તમામ બાંધકામ માટે પાલિકાની કોઈ પૂર્વ મંજૂરી કે પ્લાન મંજુર કર્યા અંગેના કોઈ રેકર્ડ પુરાવા વગર આ ૬૪ દુકાનોનું પાકું બાંધકામ કરી દેવામાં આવ્યું હતું. જે અંગે પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાનાઓ વડોદરા ના રજૂ કરાયેલ અહેવાલ આધારે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૩૭ હેઠળ દેવગઢબારીયા નગરપાલિકાના હાલના વર્તમાન પાલિકા સભ્ય ગૌરાંગ પંડ્યા તથા ધર્મેશ કલાલને પોતાના હોદ્દા ઉપર થી સસ્પેન્ડ કરવાનો હુકમ કરાયો છે. મળતા ખાનગી અહેવાલો મુજબ પાલિકાના આ બન્ને સભ્યોને રૂબરૂ સાંભળ્યા વગર સસ્પેન્ડ કરવાનો હુકમ કરાયો છે, પરંતુ રૂબરૂમાં રજૂઆત કરવા માટે ત્રણ ત્રણ વખત સુનાવણીની તારીખ અપાઈ હતી છતાંપણ આ સભ્યો રૂબરૂ ગયા કે નહીં તે અંગે કોઈ પુષ્ટિ થઈ નથી. પાલિકાના આ બંને સભ્યો માંથી ગૌરાંગ પંડ્યા હાલમાં પાલિકાના ઉપપ્રમુખની ખુરશી સંભાળી રહ્યા છે. જ્યારે બીજા સભ્ય દેવગઢબારીયામાં એક પ્રતિષ્ઠિત બિઝનેસ મેન છે.

આમ, દેવગઢબારીયા પાલિકામાં મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશન કમિશ્નર ગાંધીનગરનાઓએ તા.૩૦/૪/૨૦૨૧ના રોજ બંને સભ્યોને પાલિકાના હોદ્દા ઉપર થી સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે.

# દે.બારીયામાં MGVCLની ગંભીર બેદરકારી ક્યારે સમાપ્ત થશે તે કોઈ જાણતું નથી

દે.બારીયા,
દે.બારીયા શહેરની મધ્ય ગુજરાત વીજ કંપનીના દ્વારા થ્રી ફ્રેસની ડીપીમાં છેલ્લા પાંચ–છ દિવસ થી લોડ સેડીંગ થઈ રહ્યું છે. તેની જાણ એમ.જી.વી.સી.એલના કાર્યપાલક ઈજનેર જી.એમ.ભૂરીયાને કરવમાં આવી હોવા છતાં આ લોડ સેડીંગનું પ્રોબલમ સોલ થયો નથી. લોડ સેડીંગના અસરગ્રસ્ત વિસ્તારો આ મુજબ નવા ઠાકોરવાડા, ભાગેલા કોટવિસ્તાર, ડેરી ફળીયા થતા પારેખ શેરી અને કસ્બા થી જાની ફળીયા સુધીના એમ.જી.વી.સી.એલ.ના માનવતાં ગ્રાહકો છેલ્લા પાંચ–છ દિવસ થી લોડ સેડીંગ થી હેરાન પરેશાન થઈ રહ્યા છે. જે અંગેની રજુઆત અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધી એ રૂબરૂ એમ.જી.વી.સી.એલ.માં બે દિવસમાં આનું સમારકાર્ય કરી દઈશું. આના માણસો સેટકો કંપનીના વડોદરા થી આવે છે. ૭૨ કલાક વિતવા આવ્યા પછી વડોદરા મુકામે થી સેટકો કંપનીના ઈજનેરો આવ્યા નથી. ક્યાં સુધી એમ.જી.વી.સી.એલ.ના માનવતા ગ્રાહકોને હાલની ગરમીમાં હેરાન કરવામાં આવશે ? તે યક્ષ પ્રશ્ન છે શું વીજ કંપની ગ્રાહકો પાસેથી બીવજ બીલ વસુલમાં કસર રાખતી નથી. તો પછી ગ્રાહકોને એવી સુવિધા આપવા કેમ પાછળ છે. વારંવાર વીજ સપ્લાય બંધ થતા પાંચ સો – આઠ સો કુટુંબો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે અને વીજ ઉપકરણોને નુકશાન થાય તેની મધ્ય ગુજરાત વીજ કંપની લેશે ખરી ? તેનું ગ્રાહકો પૂછે છે. જેથી લોડ સેડીંગની સમસ્યા વહેલી તકે દુર કરે તેવી આમ ઉપભોગતાનઓની માંગ ઉઠવા પામી છે.

# દાહોદ શહેરમાં જાહેરનામા ભંગમાં તંત્ર દ્વારા ૫ દુકાનો સીલ કરાઈ

દાહોદ,
દાહોદ શહેરમાં જાહેરનામાના ભંગ તેમજ સોશિયલ ડિસ્ટનસના અભાવના કારણે તંત્ર દ્વારા આજે વધુ ૫ દુકાનો સીલ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

દાહોદ શહેરમાં કોરોના સંક્રમણ ન ફેલાય તેની તકેદારી રાખવામાં આવી રહી છે અને દુકાનો તેમજ રોજગાર ધંધા ઉપર સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તેમજ જાહેરનામાનો ભંગ ન થાય તે માટે પાલિકા તંત્ર અને પોલીસ તંત્રની સંયુક્ત ટીમ દ્વારા દાહોદ શહેરમાં ઘણી દુકાનોને દુકાનોને જાહેરનામાના ભંગ બદલ અગાઉ સીલ કરવામાં આવી હતી. ત્યારે આજે વધુ ૫ દુકાનોને સીલ કરાતા વેપારી આલમમાં આપણા ફેલાઈ જવા પામ્યો છે. આજે સીલ કરવામાં આવેલ દુકાનો પૈકી એક ગણેશ હોજીયરી, ડોનીયર કપડાંની દુકાન, રાજ એમડરી, ભારત જનરલ સ્ટોર અને MI મોબાઈલની દુકાનને જાહેરનામાના ભંગ બદલ સીલ કરવામાં આવી હતી.

# દાહોદ જિલ્લામાં ઓક્સિજન માટે ૬ કરોડ મંજૂર કરતા પ્રભારી મંત્રી ગણપતસિંહ વસાવા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
સમગ્ર વિશ્વ તથા ભારત અત્યારે કોરોના મહામારી સામે ઝઝુમી રહ્યું છે. ત્યારે દાહોદ જિલ્લામાં કોરોના દર્દીઓને સારવાર માટે જરૂરી એવા ઓક્સિજનની જરૂરીયાત પુરી પાડવા માટે ૪ નવા ઓક્સિજન પ્લાન્ટની સુવિધા ઉભી કરવા માટે પ્રભારી મંત્રી ગણપતસિંહ વસાવાએ રૂમ. ૬ કરોડ જેટલી માતબર રકમ ફાળવી છે.

મંત્રી ગણપતસિંહ વસાવાની અધ્યક્ષતામાં દાહોદ ખાતે યોજાયેલ મિટિંગમાં સાંસદ જસવંતસિંહ ભાભોર, મંત્રી બચુભાઈ ખાબડ, ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર તથા રમેશભાઈ કટારા, જિલ્લા સંગઠન પ્રમુખ શંકરભાઈ અમલિયાર તથા દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ મતિ શિતલબેન વાઘેલા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહી ઓક્સિજન પ્લાન્ટ શરૂ કરવા અંગે રજૂઆત કરી હતી. જેને ધ્યાને લઈને દાહોદમાં આવેલ ઝાયડ્સ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ઝાલોદ, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ દેવગઢ બારીયા અને સામુહિક આરોગ્ય કેન્દ્ર, કતવારા એમ ચાર જગ્યાએ મેડીકલ પી.એસ.એ. ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું છે. કોવિડ–૧૯ મહામારી અન્વયે દર્દીઓને ઓક્સિજનની વધારે પ્રમાણમાં જરૂરીયાત રહેતી હોઈ દાહોદ જિલ્લા માટે ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રૂપિયા છ કરોડની દરખાસ્તને રાજ્ય સરકાર તરફથી મંજૂરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સંવેદનશીલ નેતૃત્વમાં કોરોના સામેની લડાઈ લડી રહેલી રાજ્ય સરકારે દાહોદ જેવા આદિવાસી વિસ્તારની જરૂરીયાતને સમજીને આ દરખાસ્ત મંજૂર કરતા સ્થાનિક આગેવાનોએ ઉમળકાભેર આ નિર્ણયને વધાવ્યો છે. આદિજાતિ વિકાસ મંત્રી ગણપતસિંહ વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, ‘‘રાજ્ય સરકાર કોરોના સામેના કોઈપણ પડકારને પહોંચી વળવા સક્ષમ છે. દાહોદ માટે રૂમ. ૬ કરોડ ફાળવાતા જિલ્લાની ઓક્સિજનની અછત દૂર કરવામાં મદદ મળશે.’’ દાહોદના આદિવાસી અગ્રણીઓએ વસાવા અને મુખ્યમંત્રી રૂપાણીનો આભાર વ્યક્ત કર્યો છે.

# દાહોદ જીલ્લામાં મુસ્લીમ બિરાદરો સાથે પોલીસે મીટીંગ યોજી : ઈદની નમાજ ઘરે પઢવા અપીલ કરાઈ

દાહોદ,
હાલ રમઝાનનો પવિત્ર માસ ચાલતો હોય અને બીજી તરફ કોરોના મહામારી ત્યારે આજરોજ દાહોદ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસના માર્ગદર્શન હેઠળ કોરોના સંક્રમણ ન ફેલાય તેની તકેદારીના ભાગરૂપે મુસ્લિમ અગ્રણીઓ સાથે દાહોદ રૂરલ પોલીસ મથકના પીએસઆઈની ઉપસ્થિતીમાં શાંતી સમીતિની બેઠક સાથે મીટીંગ યોજવામાં આવી હતી અને આ મીટીંગમાં ઘરમાં જ રહી નમાજ પઢવા બાબતે મુસ્લીમ અગ્રણીઓને અપીલ કરવામાં આવી હતી.

દાહોદમાં વધતા સંક્રમણને ધ્યાને લઈ અને દાહોદ જિલ્લા પોલીસ વડા હિતેશ જોઈસરના માર્ગદર્શન હેઠળ કોરોનાં સંક્રમણ વધુ ન ફેલાય એવા હેતુસર આજરોજ દાહોદના મુસ્લિમ અગ્રણીયો સાથે દાહોદ રૂરલ પોલીસ મથકે એક શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં દાહોદમાં મુસ્લિમ સમાજના અગ્રણીયો દાહોદ રૂરલ પોલીસ મથકે આવ્યાં હતાં. રૂરલ પોલીસ સ્ટેશનના પીસએસઆઈ મહેન્દ્રસિંહ ડામોર સાથે શાંતિ સમિતિની બેઠલ યોજી હતી જેમાં પીએસઆઈ મહેન્દ્રસિંહ ડામોર દ્વારા મુસ્લિમ સમાજના અગ્રણીઓને જણાવવામાં આવ્યું હતું કે, દાહોદમાં કોરોનાં સંક્રમણના કેસો વધુ પ્રમાણમાં નોંધાઈ રહ્યાં છે આવતીકાલે ઈદ હોય તે સમયે ભીડભાળ હોવાના કારણે કોરોનાં સંક્રમણ ફેલાવવાનો ભય છે. જેથીને ઘરમાં રહી નમાજ પઢવા અને ઈદની ઉજવણી ઘરમાં જ રહી કરવાની અપીલ કરવામાં આવી હતી. આ અંગે મુસ્લિમ સમાજના અગ્રણીઓએ આ બાબતનું દયાન રાખવાનું અને ઘરમાંજ રહી નમાજ તેમજ ઈદની ઉજવણી કરવાનું આશ્વાસન આપ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 222

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## વેજલપુર PHC માં ફાર્માસીસ્ટ કર્મચારી દ્વારા

# કોરોના ટેસ્ટનું કૌભાંડ : રેપીડ એન્ટીજન કીટો ઘરમાં રાખી કોરોના ટેસ્ટ કરી લોકો પાસેથી પડાવતો હતો રૂપિયા

- ફાર્માસીસ્ટના ઘરે થી ૧૩૫ રેપીડ એન્ટીજન કીટ ઝડપી
- સરકારી કીટ ઘરમાં રાખી કોરોના ટેસ્ટ કરતાં હોવાની બાતમી મળી હતી.



તસ્વીર : નુર બાલા, વેજલપુર

ગોધરા, કાલોલ તાલુકાના વેજલપુર પી.એચ.સી. કેન્દ્રના ફાર્માસીસ્ટ સરકાર દ્વારા ફળવાયેલ કોવિડ-૧૯ રેપીડ એન્ટીજન કીટ દ્વારા કેટલાક દર્દીઓના કોરોના ટેસ્ટ કરે છે. તેવી બાતમી એસ.ઓ.જી. પોલીસને મળી હતી. પોલીસે વેજલપુર પી.એચ.સી.ના ફાર્માસીસ્ટના ગોધરા મીઠીખાન મહોલ્લા રેહણાંક ઘરમાં છાપો મારીને તપાસ કરતાં રેપીડ એન્ટીજન કીટના ૧૩૫ નંગ કિંમત ૨,૦૨,૫૦૦/-રૂપીયાનો જથ્થો કબ્જો તેની વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કોરોન મહામારીની બીજી લહેરમાં કોરોના સંક્રમણ ઝડપ થી ફેલાઈ રહ્યું છે અને મોટા પ્રમાણમાં લોકો કોરોના સંક્રમણના ભોગ બની રહ્યા છે. ત્યારે સરકાર દ્વારા રેપીડ એન્ટીજન ટેસ્ટ માટે પી.એચ.સી., સી.એચ.સી. કેન્દ્રોની કીટની ફાળવવામાં આવી છે. કાલોલ તાલુકાના વેજલપુર પી.એચ.સી. કેન્દ્રમાંપણ રેપીડ એન્ટીજન કીટનો જથ્થો ફાળવવામાં આવ્યો હતો. વેજલપુર પી.એચ.સી.માં ફાર્માસીસ્ટ તરીકે ફરજ બજાવતા રીઝવાન અહેમદભાઈ જમાલ (રહે.રાણી મજીસ્દ મીઠીખાન મહોલ્લા) જે પોતાના ઘરે સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેવી કોવિડ-૧૯ રેપીડ એન્ટીજન કીટ દ્વારા ગેરકાયદેસર રીતે કોરોના દર્દીઓના કોરોન ટેસ્ટ કરવામાં આવે છે. તેવી બાતમી એસ.ઓ.જી. પોલીસને મળી હતી. એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે વેજલપુર પી.એચ.સી.ના ફાર્માસીસ્ટના રહેણાંક ઘરમાં રેઈડ સમય જીલ્લા ફાર્માસીસ્ટ અધિકારીને સાથે રાખીને રેઈડ કરી હતી. અને ઘરમાં તપાસ દરમ્યાન રેપીડ એન્ટીજન કીટ અલગ-અલગ કંપનીના ૭ બોક્સ નંગ-૧૩૫ કિંમત ૨,૦૨,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલ ફાર્માસીસ્ટ રીઝવાન અહેમદભાઈ જમાલ પાસેથી ગેરકાયદેસર રીતે ઝડપાઈ જવા પામ્યો છે. રીઝવાન પોતે સરકારી કર્મચારી ફાર્માસીસ્ટ હોય અને એન્ટીજન ટેસ્ટ કીટ ઘરે રાખી શકાય ન હોય તેમ જાણતો હોવા છતાં આર્થિક લાભ મેળવી અંગત કામે વપરાશ કરતાં ઝડપાઈ જવા પામ્યો હતો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### આરોગ્ય તંત્રમાં હડકંપ

હાલ પંચમહાલ જીલ્લામાં કેટલાક સેન્ટરમાં રેપિડકીટ નહી હોવાથી દર્દીઓ હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે સરકારી કેન્દ્રોમાં ફાળવવામાં આવતી રેપિડ એન્ટીજન કીટ ઘરમાં રાખીને ફાર્માસિસ્ટ કોરોના ટેસ્ટ કરતો હોવાનું બહાર આવતાં આરોગ્ય તંત્રમાં હડકંપ મચી ગયો છે.

# પંચમહાલમાં ગુરુવારે કોરોનાના ૧૮૦ પોઝીટીવ કેસ નોંધાયા




ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરમાં ગ્રામીણ વિસ્તારોમાં કોરોના સંક્રમણનો ભરડો લીધો છે. ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કોરોન સંક્રમણને રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તોમાં વધતા જતાં કોરોના સંક્રમણને રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આઈસોલેશન સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. જેને લઈ કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર થાય તેમજ કોરોના સંક્રમણ બીજા લોકોમાં ફેલાતું અટકી શકે તેવા પ્રયાસો કરાયા છે. તેમ છતાં પંચમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. જેને લઈ આરોગ્ય તંત્ર ચિંતીત બન્યું છે. જીલ્લામાં આજરોજ ૧૮૦ કોરોના સંક્રમણના કેસ નવા નોંધાવા પામ્યા છે. તેમાં ૧૫૩ ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમિત કેસ આવ્યા છે. જ્યારે શહેરી વિસ્તારમાં ૨૭ પોઝીટીવ કેસ નોંધાયા છે. આજરોજ કોવિડ હોસ્પિટલમાં કોરોના સારવાર લેતાં ૨૮૧ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો નથી. બીજી કોરોના વેવની શરૂઆતમાં શહેરી વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસ વધારે નોંધાવા પામ્યો હતો. તેમાં કોરોના સંક્રમણના ભોગ બનેલ મોટાભાગની દર્દીઓમાં ઓકસીજન લેવલ ઘટવાની સમસ્યા જોવા મળી હતી. બીજી વેવમાં કોરોના સંક્રમણમાં કોરોના સંક્રમણના ભોગ બનતા દર્દીઓ માટે કોવિડ સેન્ટરોમાં ઓક્સીજન બેડની સંખ્યા ઓછી હોવાને લઈ સરકાર દ્વારા પંચમહાલ જીલ્લા ગોધરા સિવિલ હોસ્પિટલ માનસીંગ કોલેજને કોવિડ સેન્ટરમાં ફેરવવામાં આવ્યું હતું અને નવા ઓકસીજન બેડ, વેન્ટીલેટર બેડ તેમજ સામાન્ય બેડની સુવિધા વધારો કરવામાં આવ્યો હતો અને કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમિત થતાં દર્દીઓને બચાવવાના પ્રયાસો કરવામાં આવ્યા. સરકાર દ્વારા ખાનગી હોસ્પિટલોને કોવિડની સારવાર માટે મંજુરી આપવામાં આવી હતી. આમ કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમિત દર્દીઓને બચાવવાના પ્રયાસયો આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા કરાઈ રહ્યા હતા. તેવા સમયે પંચમહાલ જીલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં લોકો દ્વારા કોરોનાની બીજી લહેરને ગંભીરતાથી લેવામાં આવી ન હતી. તેમજ કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવ્યું ન હતું. તેમાં પણ ગામડાઓમાં કોરોનાની બીજી વેવની ઘાતક અસરો વચ્ચે લગ્ન પ્રસંગો ઉજવતા રહ્યા હતા. લગ્ન પ્રસંગોમાં સોશ્યલ ડિસ્ટન્સ કે માસ્કનો ઉપયોગ કરવાનું લોકોએ ટાળ્યું પરિણામે કોરોનાની બીજી લેહરમાં ગ્રામીણ વિસ્તારોમાં કોરોના સંક્રમણ ધીમી ગતિએ ભરડો લીધો હતો. લોકો કોરોના સંક્રમણ થી બચવાના પ્રયાસો કરે તે પહેલા કોરોના સંક્રમણના શકંજામાં અનેક ગામો આવી ગયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કોરોના સંક્રમણની ગતિ તેજી થી વધે તો આરોગ્ય સેવાઓ હોય ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગામડાઓને કોરોના અભિયાન શરૂ કરવામા આવ્યું છે. ગામડાઓમાં આઈસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. આમ, ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણ અટકાવવાના પ્રયાસો ચાલુ છે. શહેરી વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસમાં થોડો ઘટાડો જોવા મળી રહ્યો છે. પંચમહાલ જીલ્લામાં આજરોજ ૧૮૦ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં ૧૫૩ જ્યારે શહેરી વિસ્તારમાં ૨૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. આજરોજ ૨૮૧ દર્દીઓ કોરોનાનો માત આપીને સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં હાલમાં ૧૫૪૬ કોરોના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જીલ્લામાં કોવિડ હોસ્પિટલમાં સારવાર લેતાં કોરોના દર્દીઓની સાજા થવાની સંખ્યા વધતા જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્રમાં રાહતનો શ્વાસ લીધો છે.

### પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી

| | |
|---|---|
| **: શહેરી વિસ્તાર :** | |
| ગોધરા | ૨૬ |
| કાલોલ | ૦૧ |
| **: ગ્રામ્ય વિસ્તાર :** | |
| ગોધરા | ૩૨ |
| કાલોલ | ૫૭ |
| મોરવા(હ) | ૧૬ |
| ઘોઘંબા | ૦૫ |
| શહેરા | ૪૩ |
| સક્રિય કેસ | ૧૫૪૬ |
| રજા અપાઈ | ૨૮૧ |
| મૃત્યુ આંક | ૦૦ |

# શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા ગોધરા સિવિલ હોસ્પિટલને ઈન્જેકશન અને દવાઓના જથ્થાની સહાય


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, કોરોના મહામારીના કારણે દર્દીઓ ની હાલત કફોડી બનવા પામી છે. કોરોના ઉપરાંત લોકો અન્ય રીતે પણ હાલની સીઝનમાં બીમાર પડતા હોય છે. જેના કારણે જરૂરિયાતમંદો ને બેડ, દવા,ઈન્જેક્શનો સમયસર મળતા નથી. કોરોના સામેના જંગમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને ગોધરા ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર મળી રહી છે. ત્યારે હાલની પરિસ્થિતિમાં હોસ્પિટલમાં પણ દવા, ઈન્જેકશન, માસ્ક તેમજ જરૂરી વસ્તુઓની અછત અનુભવી રહ્યા છે. ત્યારે ગોધરા શહેરના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા તેમજ સમાજના અગ્રણીઓ ક્ષુલ્લકભાઈ ગાંધી,જયંતીલાલ શેઠ, સુરેશભાઈ શાહ,અશોકભાઈ દોશી, ડો.નિશાંતભાઈ શેઠ,જયેશભાઈ અને કલ્પેશભાઈએ અત્રે બિરાજમાન જૈનાચાર્ય પૂજ્ય શીલચંદ્રસુરીશ્વરજી મહારાજ ને આ જરૂરિયાત અંગે જણાવતા મહારાજે પણ પોતાના જૈન સમાજને સહાય માટે હાંકલ કરતા જૈન સમાજ દ્વારા ફંડ એકત્ર કરવામાં આવ્યું હતું. જે ફંડ થકી દવાઓ, ઈન્જેક્શનો, માસ્ક વગેરેનો મોટો જથ્થો દાન સ્વરૂપે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે આપી સેવા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ ચરિતાર્થ કર્યું છે. ત્યારે જૈન સમાજ દ્વારા આવનાર દિવસોમાં પણ સહાયનો ધોધ વરસાવતો રહે તેવું આયોજન હાલ કરી રહ્યા છે. વધુમાં જૈન સમાજના યુવાન મિત્રો દીપેશ, ફેનીલ,અર્પણ, ચીંટુ, બંટી, રવિ, મિતુલ, વિશાલ, મિહિર, પ્રથમ, નિહાર અને ચૈત્ય એ સિવિલ હોસ્પિટલમાં, નર્સિંગ કોલેજ, અને અલ હયાત મસ્જિદ ખાતે સારવાર લઈ રહેલા દર્દીઓ ને ફ્રૂટ્સ, બિસ્કિટ, એનર્જી ડ્રિંક્સ, ઓ.આર. એસ પેકેટ્સ, વાઈટલ ઝેડ વિટામિનની દવાઓ, હેન્ડ સેનેટાઈઝર, માસ્ક તેમજ અન્ય જરૂરી વસ્તુઓ ની કીટ બનાવી વિતરણ કર્યું હતું.

આ કોરોના મહામારીમાં ગોધરા શહેર ના દરેક સમાજ,સંસ્થા અને કુટુંબો એક સંપ થઈ સહકાર થી યથાશક્તિ સહાય અને સેવકાર્યના યજ્ઞમાં જોડાયા છે. જે સહુના કાર્યને જૈન સમાજ બિરદાવે છે અને દરેકને પ્રભુ વધુ ને વધુ શક્તિ આપે અને આ કોરોના મહામારી વહેલી તકે ખતમ થાય તેવો ભાવ વ્યક્ત કર્યો હતો.

## પોલીસ અધિક્ષક દ્વારા ઘોઘંબા તાલુકામાં તકેદારીના ભાગરૂપે મીટીંગનું આયોજન


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, પંચમહાલ પોલીસ અધિક્ષક સાહેબ ડો.લીના પાટીલ ઘોઘંબા તાલુકા પંચાયત ખાતે મામલતદાર ઘોઘંબા, T.D.O ઘોઘંબા, T.H.O ઘોઘંબા, CHC ડોક્ટર ઘોઘંબા, ભાજપ તાલુકા પ્રમુખ, ઘોઘંબા તાલુકા પંચાયત ઉપપ્રમુખ, આજુબાજુના ગામના સરપંચઓ, આશાવર્કર બહેનો વિગેરેની ઉપસ્થિતિમાં હાલમાં covid-19 સંક્રમણની પરિસ્થિતિની સમીક્ષા માટે સોશિયલ distance સાથે મિટિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ઘોઘંબા તાલુકામાં ઉપલબ્ધ સારવાર તથા ગ્રામ્ય લેવલે કોવીડ કેર સેન્ટર ની સમીક્ષા કરવામાં આવેલ તથા લોકો અને આગેવાનોએ covid-19 નું સંક્રમણ ઘટાડવા અને તાવ કે પોઝિટિવ કેસ આવે તો રાખવાની સાવચેતી તથા આરોગ્ય અને પોલીસ વિભાગને જરૂરી સહકાર આપવા અંગે વિશેષ ચર્ચા કરવામાં આવેલ તેમજ chc hospital ઘોઘંબા ખાતેના કાર્યરત કોવિડ સેન્ટરમા સારવાર લઈ રહેલા દર્દીઓની ખબર અંતર પૂછવામાં આવેલ તેમજ ફરજ પરના ડોક્ટર પારસ પટેલ સાથે શું સારવાર કરવામાં આવે છે ? અને શું તકેદારી રાખી શકાય ? તે અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ.પોલીસ અધિક્ષકની મુલાકાત દરમિયાન યોગ્ય માર્ગદર્શન થી તાલુકા વહીવટી ટીમ તથા સરપંચો અને આગેવાનોમાં એક અનેરો ઉત્સાહ જોવા મળેલ હતો. અને આ મીટીંગની ખાસ એ બાબત હતી કેથ મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત ફુલના બુકે દ્વારા નહીં પરંતુ સેનેટાઈઝર ની બોટલ અને માસ્કનું પેકેટ આપી કરવામાં આવેલ હતું.

## પંચમહાલ સહિત રાજ્યમાં સમસ્ત બ્રહ્મ સમાજ ઘરે રહી પરશુરામ જયંતિની ઉજવણી કરશે

ગોધરા, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના પ્રદેશ ઉપાધ્યક્ષ આશીત ભટ્ટ, જીલ્લા અધ્યક્ષ કાર્તિક ત્રિવેદી, નગર અધ્યક્ષ અમીત દવે એ સયુંક્ત રીતે અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ૧૪ મેં અખાત્રીજ ને દિવસે ભગવાન પરશુરામની જયંતિ છે. હાલ કોવિડ-૧૯ને કારણે સંક્રમણ વહેલુ ફેલાતું હોવાને કારણે મહાપૂજા-શોભાયાત્રા જેવા કાર્યક્રમો સ્થગીત કરેલ છે. તો સૌ ભૂદેવો ઘરે પૂજનનું આયોજન કરે તથા ઋદ્રાક્ષની માળા થી અગીયાર માળા ઓમ શં શં ઓમ શં શં ઓમ પરશુ-હસ્તાય નમઃ કરવી અને રાત્રે ૮ વાગે આપણા ઘરે બાલ્કનીમાં બારીમાં દિપક પ્રગટાવીને પરશુરામ જયંતિ ઉજવીશું.

વધુ માહિતી આપતા પ્રદેશ ઉપાધ્યક્ષ આશીત ભટ્ટે જણાવ્યું કે, આપણી હિંદુ સંસ્કૃતિમાં દશા અવતારને માનવા વાળો ધર્મ છે. વિષ્ણુના છઠ્ઠા અવતારી, પરમ પરાક્રમી, માતૃ-પિતૃ ભકત એવા ભગવાન પરશુરામ એ સમગ્ર હિંદુ સમાજના ભગવાન છે. અને બ્રાહ્મણોના ઈષ્ટ દેવ છે. ત્યારે પરશુરામ જંયતિ સમગ્ર હિંદુ સમાજ ઉજવે તે પણ જરૂરી છે. આ દિવસે આપણે ફક્ત દિવડા નથી પ્રગટાવવાના પરંતુ ભગવાન પરશુરામની ગુણોપાસના કરવાની છે. તેમના ગુણો થકી જ્ઞાન દીપક પ્રગટાવવાનો છે. પરશુરામને સમજ્યા વિના ફકત દીવા કરવાથી જયંતિ ઉજવી કહેવાશે નહી. ભગવાન રામ, જમદગ્ની પૂત્ર એ ધનુષ્ય બાણની શીક્ષા મેળવવા મહાદેવની તપશ્ચર્યા કરી ત્યારે મહાદેવ પ્રસન્નથઈ પરશુ આપી ત્યાર થી તે પરશુરામ થી જાણીતા થયા. અત્યાચારી-અભિમાની-વ્યભિચારી-ધર્મને નહી માનતા પ્રજાનું શોષણ કરનારાને દંડીત કર્યા તેવા પરશુરામ ચિરંજીવી છે. તેમને પ્રાર્થના કે આ કોરોના રૂપી રાક્ષસનો અંત કરે તેવી પ્રાર્થના.

તેમજ બ્રાહ્મણોને એવી અપીલ કરવામાં આવે છે કે, પરશુરામ જયંતિ નિમિત્તે સમાજ તરફથી વધુમાં વધુ વૃક્ષો તેમાં પણ પીપળો વાવામાં આવે અને તેની માવજત કરવામાં આવે.

# હાલોલ માનસરોવર એપાર્ટમેન્ટમાં ખાનગી કોવિડ સેન્ટર દ્વારા મેડીકલ વેસ્ટ ખુલ્લામાં ફેંકવાના અહેવાલની અસર મેડીકલ વેસ્ટ દુર થતાં એપાર્ટમેન્ટના રહિશોમાં ખુશી

### પંચમહાલ સમાચાર ઈમ્પેક્ટ

હાલોલ, પંચમહાલના હાલોલ નગરમાં વડોદરા હાઈવે રોડ ઉપર બગીચા સામે આવેલ માનસરોવર એપાર્ટમેન્ટમાં આવેલ લાઈફ કેર હોસ્પિટલમાં કોવિડ સારવાર માટે મંજુરી અપાઈ હતી પરંતુ ખાનગી કોવિડ સેન્ટર દ્વારા એપાર્ટમેન્ટમાં રહેતા અન્ય રહિશોના આરોગ્યની પરવાહ કર્યા વગર કોવિડ સેન્ટરનો મેડીકલ વેસ્ટ ખુલ્લામાં ફેંકાઈ રહ્યા છે. તેવા અહેવાલ પંચમહાલ સમાચારમાં પ્રસિદ્ધ થતાં માનસરોવર એપાર્ટમેન્ટની બહાર ઢગલા થયેલ મેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવતાં રહિશો એ રાહતનો શ્વાસ લીધો છે. કોરોના મહામારીની બીજી વેવમાં કોરોના સંક્રમણના કેસમાં ઝડપથી વધારો થતાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી હોસ્પિટલોને કોવિડ દર્દીઓની સારવાર માટે મંજુરી આપવામાં આવી હતી. જેમાં હાલોલના બગીચા રોડ ઉપર આવેલ લાઈફ કેર હોસ્પિટલને કોવિડ દર્દીઓની સારવાર માટે મંજુરી મળીહતી. કોવિડ સેન્ટરની મંજુરી મળતા કોરોના દર્દીઓની સારવાર છેલ્લા એક મહિના ઉપરાંત થી કરાઈ રહી છે. ખાનગી કોવિડ સેન્ટર દ્વારા એપાર્ટમેન્ટના અન્ય રહિશોની આરોગ્યની પરવાહ કર્યા વગર કોવિડ સેન્ટરનો મેડીકલ વેસ્ટ તેમજ કોરોનામાં મૃત્યુ થતાં દર્દીઓના બેડના ગાદલાં, ઓશીકા, રજાઈ એપાર્ટમેન્ટ નીચે ખુલ્લામાં ઢગલા કરવામાં આવ્યા હતા. જેને લઈ એપાર્ટમેન્ટના રહિશોમાં કોરોના સંક્રમણ ફેલાવાનો ભય સતાવી રહ્યો હતો. ખાનગી હોસ્પિટલના તબીબ કે સ્થાનિક તંત્ર દ્વારા એપાર્ટમેન્ટના રહિશોની આરોગ્યલક્ષી રજુઆતનું ધ્યાન આપ્યું ન હોય આ અહેવાલ પંચમહાલ સમાચારમાં પ્રસિદ્ધ કરવામાં આવતાં સ્થાનિક તંત્ર અને પાલિકાની આંખો ખુલતા મેડીકલ વેસ્ટનો નિકાલ કરતાં એપાર્ટમેન્ટના રહિશોમાં ખુશી જોવા મળી છે.

સર્વે મુસ્લિમ બિરાદરોને

ઈદ મુબારક
અકરમભાઈ પટેલ
ઉપપ્રમુખ
નગરપાલિકા, ગોધરા

સર્વે મુસ્લિમ બિરાદરોને

ઈદ મુબારક
સિદ્દીકભાઈ ડેની
સભ્ય
નગરપાલિકા, ગોધરા

## પંચમહાલ જિલ્લામાં મુસ્લિમ બિરાદરો સાદાઈ થી કરશે ઈદની ઉજવણી

ગોધરા, છેલ્લા એક માસ થી મુસ્લિમ બિરાદરો નો પવિત્ર રમજાન માસ શરૂ હોય બિરાદરો એ પોતાની સુખ શાંતિ તેમજ વિશ્વમાં પણ સુખ શાંતિ રહે તે માટે અલ્લાહ ને દુઆ કરતા હતા.ત્યારે રમજાન માસ પૂર્ણ થતાં આજ રોજ મુસ્લિમ બિરાદરો તેમજ ભાઈઓ અને બહેનો દ્વારા કોરોના મહામારીના કારણે આ વર્ષે પણ ઈદ ની ઉજવણી સાદાઈ થી જ કરશે. છેલ્લા દોઢ વર્ષ થી કોરોના મહામારીના પગલે કોઈપણ ધર્મ નો તહેવાર ધામધૂમપૂર્વક યોજવામાં આવ્યો નથી. ત્યારે વિશ્વ માંથી કોરોના વહેલી તકે નાબૂદ થાય તેવી પ્રાર્થના લોકો ભગવાન ને કરી રહ્યા છે. ત્યારે આ વર્ષે પણ ગોધરા શહેરમાં ઈદ ની ઉજવણી મુસ્લિમ સમાજ સાદાઈ થી જ કરશે.

## ગોધરાના ખંખારીયા પ્લોટ ક્રિકેટ ગ્રાઉન્ડમાં જુગાર રમતા બે ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા, પંચમહાલ ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક તથા પંચમહાલ જિલ્લાના પોલીસ અધિક્ષક નાઓ તરફથી બાતમી હકિક્ત મળેલ કે, ગોધરા ખંખારીયા પ્લોટમાં આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ભેગાં મળી પાના પત્તાનો હારજીતનો જુગાર રમે છે.અને હાલ જુગારની પ્રવૃતિ ચાલુ છે. જેબાતમી આધારે ડિસ્ટાફના પો.સ.ઈ. એ.એમ.પરમાર નાઓ ડીસ્ટાફના પોલીસ માણસો સાથે ઉપરોક્ત બાતમીવાળી જગ્યાએ જઈ રેડ કરતા આરોપીઓ (૧) મોહમંદ યુસુફ સુલેમાન દડી રહે.અશરફી મજીદની આગળ ખંખારીયાની વાડી ગોધરા તથા (૨) જુનેદ ઈદ્રીશ ચાંદા રહે.મુસ્લીમ સોસાયટી એ વચલા ઓઢ્ઢ ગોધરા નાઓને પકડી લીધેલ અને જેઓને ઝડતી તપાસ કરતા તેઓની અંગઝડતીમાંથી તથા દાવ ઉપરથી મળી આવેલ કુલ રોકડા રૂા.૧૬,૧૮૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા બંન્ને આરોપીઓને પકડી લીધેલ તેમજ પોલીસની રેઈડ દરમ્યાન નાસી જનાર ચાર ઈસમો મળી કુલ -૦૬ આરોપીઓ વિરુધ્ધ જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુન્હો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.